## પ્રેસનોટ – તા.૧૫/૦૮/૨૦૨૨

## રાજકોટના શાપર વેરાવળમાંથી ફેકટરી માલિકના દિકરાનું અપહરણ કરી, પંદર કરોડની ખંડણી માંગનાર અપહરણકર્તાઓને ગણતરીની કલાકોમાં પકડી પાડી, અપહૃત વ્યક્તિને સહી-સલામત છોડાવતી અમરેલી જિલ્લા પોલીસ

➡ **ફરિયાદની વિગતઃ-**

ગઇ કાલ તા.૧૪/૦૮/૨૦૨૨ ના કલાક ૧૧/૩૦ વાગ્યે રાજકોટ જિલ્લાના શાપર વેરાવળ ખાતેથી કમલ એન્ટપ્રાઇઝ નામની ફેકટરીના માલીક શબ્બીરભાઇ ફજલેઅબ્બાસ તેલવાલાના દિકરા અદનાન ઉ.વ.૨૫ વાળાનું અપહરણ કરવા પુર્વયોજીત કાવતરૂ રચી, આરોપી નઇમ તથા અમીન નામના તથા તેની સાથેના બીજા અજાણ્યા આરોપીઓએ અદનાનનું અપહરણ કરી, તેને છોડી મુકવા પંદર કરોડ રૂપિયાની માંગણી કરી, રૂપિયા નહી આપે તો અદનાનને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય, જે અંગે અદનાનના પિતા શબ્બીરભાઇ ફજલેઅબ્બાસ તેલવાલા, ઉ.વ.૫૩, રહે.રાજકોટ, કસ્તુરબા રોડ, ધ ગ્રાન્ડ ઠાકર હોટલ પાછળ વાળાએ ફરીયાદ જાહેર કરતા રાજકોટ ગ્રામ્ય, શાપર વેરાવળ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૩૦૯૧૨૨૦૭૧૧/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૬૪એ, ૧૨૦બી મુજબ ગુનો દાખલ થયેલ.

રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ઉપરોકત ગંભિર ગુનામાં સંડોવાયેલ આરોપીઓ અમરેલી જિલ્લાના રાજુલાના રહેવાસી હોવાનું અને રાજકોટના સરહદી જિલ્લાઓને આરોપીઓની તપાસમાં મદદ કરવા જણાવેલ હોય,

જે અન્વયે **ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ઉપરોકત ગંભિર બનાવ સંબધે અપહરણકર્તાઓ તથા અપહ્રત વ્યકિત બાબતે તપાસમાં રહેવા ભાવનગર રેન્જના જિલ્લાઓને સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં આરોપીઓની તપાસ કરવા, તેમજ અપહ્રત વ્યક્તિને સહી-સલામત છોડાવવા ખાસ સુચના અને માર્ગદર્શન આપી, રેપીડ એક્શન પ્લાન તૈયાર કરેલ હોય જેમાં **શ્રી નાયબ પોલીસ અધિક્ષક, સાવરકુંડલા વિભાગ** નાઓની અધ્યક્ષતામાં **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** તથા **અમરેલી એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ.શ્રી** તથા રાજુલા પો.ઇન્સ. **શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી./એસ.ઓ.જી. તથા રાજુલા પોલીસ**ની અલગ અલગ ટીમો બનાવી **આરોપીઓ અને અપહ્રત વ્યક્તિ અંગે સઘન તપાસ હાથ ધરી, અપહરણકારોને ગુન્હામાં વપરાયેલ ફોરવ્હીલ કાર સાથે સાવરકુંડલા - રાજુલા હાઇવે રોડ ઉપરથી પકડી પાડી, અપહરણ થયેલ વ્યક્તિને સહી-સલામત છોડાવેલ છે.** આ કામગીરીમાં **રાજકોટ ગ્રામ્ય, ગોંડલ ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક શ્રી તથા રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.ના પો.સ.ઇ. તથા શાપર વેરાવળ પો.સ્ટે. પો.સ.ઇ.** પણ જોડાયેલ હતા.

➡ **પકડાયેલ આરોપીઃ-**

(૧) નઇમ ઉસ્માનભાઇ કનોજીયા, ઉ.વ.૨૪, રહે.રાજુલા, ગાયત્રી મંદિર પાસે, કુંભારવાડા, તા.રાજુલા, જિ.અમરેલી.
(૨) અમીન રસુલભાઇ મધરા, ઉ.વ.૨૬, રહે.રાજુલા, તવક્કલનગર, તા.રાજુલા, જિ.અમરેલી.
(૩) અબ્દુલ તપાસીભાઇ બુકેરા, ઉ.વ.૨૪, રહે. રાજુલા, તવક્કલનગર, તા.રાજુલા, જિ.અમરેલી.
(૪) હમીદભાઇ કાદરભાઇ જાખરા, ઉ.વ.૨૫, રહે.રાજુલા, કુંભારવાડા, તા.રાજુલા, જિ.અમરેલી.

અમરેલી જિલ્લા પોલીસે ભોગ બનનાર અદનાન શબ્બીરભાઇ તેલવાલાને શોધી કાઢી, તેમને સહી-સલામત છોડાવેલ છે, અને **ઉપરોક્ત આરોપીઓને પકડી પાડી, રાજકોટ ગ્રામ્ય પોલીસને સોંપી આપેલ છે.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **નાયબ પોલીસ અધિક્ષક, સાવરકુંડલા વિભાગ તથા અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** તથા **અમરેલી એસ.ઓ.જી. પોલીસ સબ ઇન્સ.શ્રી** તથા રાજુલા પો.ઇન્સ. **દ્વારા કરવામાં આવેલ છે.**

<u>**પ્રેસનોટ – તા.૧૭/૦૮/૨૦૨૨**</u>

<u>**અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ પ્રોહી. બુટલેગર ઇસમ સામે પાસા અધિનિયમ મુજબ કાર્યવાહી કરી જેલના સળીયા પાછળ ધકેલ્યો**</u>

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો તથા ગેરકાયદેસર દારૂની પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ નાઓએ અમરેલી જિલ્લામાં દારૂનું ગેરકાયદેસર વેચાણ, હેર-ફેર, ઉત્પાદન અને સંગ્રહની ગેરકાયદે પ્રવૃતિ કરતાં પ્રોહીબીશન બુટલેગર ઇસમો તથા પ્રોહિબીશનના ગુન્હાઓ કરવાની ટેવ વાળા ઇસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **દામનગર પોલીસ સ્ટેશનના પો.સ.ઇ.શ્રી** નાઓએ પ્રોહીબીશનની પ્રવૃતિ કરતાં ઇસમ <u>**ચિરાગ અશોકભાઇ ચાવડા, ઉ.વ.૨૦, રહે.દામનગર, આનંદનગર, રાભડા રોડ તા.લાઠી, જિ.અમરેલી**</u> વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

આવા દારૂના ધંધાર્થી ઇસમની સમાજ વિરોધી અસામાજિક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં **અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સાહેબ** નાઓએ દારૂનો ગેરકાયદેસર ધંધો કરનાર ઇસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઇસ્યુ કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમે** ચિરાગ અશોકભાઇ ચાવડાને પાસા વોરંટની બજવણી કરી, **વડોદરા મધ્યસ્થ જેલ** ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

<u>**❖ પ્રોહી. બુટલેગર ઇસમ ચિરાગ અશોકભાઇ ચાવડાનો ગુનાહિત ઇતિહાસઃ-**</u>

(૧) સાવરકુંડલા રૂરલ પો.સ્ટે. પ્રોહી. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૩૨૧૦૪૨૮/૨૦૨૧ પ્રોહી. કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨).

(૨) દામનગર પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૭૨૧૦૬૧૯/૨૦૨૧,પ્રોહી. કલમ ૬૫(એ)(એ), ૧૧૬બી.

(૩) દામનગર પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૩૦૧૭૨૨૦૧૯૫/૨૦૨૨,પ્રોહી. કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી).

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ – તા.૧૮/૦૮/૨૦૨૨**

**રાજુલા શહેર વિસ્તારમાંથી ૧ કિલો ૯૯૪ ગ્રામ ગાંજા સહિત કિ.રૂ.૨૦,૪૪૦/- ના અન્ય મુદ્દામાલ સાથે એક મહિલાને પકડી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.**

શ્રી સાહેબ, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા ગેરકાયદેસર નાર્કોટીક્સના પદાર્થ, કેફી ઔષધો, મન:પ્રભાવી દ્રવ્યો તથા એન.ડી.પી.એસ. (ગાંજો, અફીણ, હેરોઇન, એમ.ડી.) વિગેરેના ગેરકાયદેસર વેપાર, હેરા-ફેરી, વેચાણ અટકાવવા સુચના આપવામાં આવેલ હોય, જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, અમરેલીનાઓનાં માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને આવા ગે.કા.વેચાણ કરતા ઇસમોને ઝડપી પાડવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપવામાં આવેલ.

જે અનુસંધાને શ્રી પો.સબ.ઈન્સ ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી. ટીમને અમરેલી જીલ્લામાં કેફી પદાર્થોનું ગેરકાયદેસર રીતે વેંચાણ કરતા ઈસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય, રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, રાજુલા વિસ્તારમાં રહેતી હિનાબેન W/O ગોપાલભાઇ માળી રહે.રાજુલા, તત્વ જ્યોતી, દેવીપુજક વાસ, તા.રાજુલા, જી.અમરેલીવાળી ગેરકાયદેસર ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરે છે. જે અન્વયે સદરહું જગ્યાએ રેઇડ કરતા મજકુર મહિલાને ગાંજાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

<u>પકડાયેલ આરોપી</u> ઃ-

(૧) હિનાબેન W/O ગોપાલભાઇ માળી, તે D/O શાંતિભાઇ બચુભાઇ ચૌહાણ, ઉ.વ.૩૨, ધંધો-ઘરકામ, રહે. રાજુલા, તત્વ જ્યોતી, દેવીપુજક વાસ, તા.રાજુલા, જી.અમરેલી,

<u>કબ્જે કરેલ મુદ્દામાલ</u> ઃ-

મજકુર પકડાયેલ મહિલાની પુછપરછ દરમિયાન ગે.કા. માદક પદાર્થ ગાંજો પોતાનાં કબ્જા ભોગવટાનાં રહેણાંક મકાનેથી ગાંજો ૧ કીલો ૯૯૪ ગ્રામ, કિ.રૂ.૧૯,૯૪૦/- તથા (૨) એક મોબાઇલ ફોન કિ.રૂ.૫૦૦/- મળી કુલ કિ.રૂ.૨૦,૪૪૦/- ના મુદામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે. પકડાયેલ મહિલા વિરૂધ્ધ એન.ડી.પી.એસ.એક્ટ અન્વયે ગુનો રજીસ્ટર કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે રાજુલા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

મજકૂર પકડાયેલ મહિલાનો ગુનાહિત ઈતિહાસ ઃ-

મજકૂર પકડાયેલ હિનાબેન W/O ગોપાલભાઇ માળી નાઓ વિરૂધ્ધ નીચે મુજબનાં અસંખ્ય ગુનાઓ નોંધાયેલ છે.

(૧) રાજુલા પો.સ્ટે., પ્રોહી.ગુ.ર.નં. ૨૮૬/૧૮, પ્રોહી.કલમ-૬૫ ઇ.મુજબ

(૨) રાજુલા પો.સ્ટે.,પ્રોહી. ગુ.ર.નં.૨૭/૧૯, પ્રોહી.કલમ-૬૫ ઇ મુજબ

(૩) રાજુલા પો.સ્ટે. પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૦૧૭૯૫/૨૦૨૦, પ્રોહી.કલમ-૬૫(A)(A), (C),(D),(F) મુજબ

(૪) રાજુલા પો.સ્ટે પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૧૦૨૫૮/૨૦૨૧, પ્રોહી.કલમ-૬૫(A) (A), (F) મુજબ

(૫) રાજુલા પોસ્ટે પાર્ટ-સી.ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૧૦૪૮૮/૨૦૨૧ પ્રોહી.કલમ-૬૫(એ)(એ) મુજબ.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં તથા માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટરશ્રી રાજુલા પો.સ્ટે., તથા શ્રી પોલીસ સબ ઈન્સપેક્ટર, ઈન્ચાર્જ એસ.ઓ.જી.શાખા, તથા એસ.ઓ.જી.ટીમ દ્વારા એક મહિલાને ગાંજાનાં જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.

**<u>પ્રેસનોટ – તા.૧૯/૦૮/૨૦૨૨</u>**

**<u>બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે જાહેરમાં જુગાર રમતા સાત ઇસમોને રોકડ સહિત કુલ કિં.રૂ.૫૫,૩૮૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી. ટીમ</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા રેન્જ હેઠળના જિલ્લાઓને સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ **શ્રાવણ માસ** દરમ્યાન જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

ગઇ કાલ તા.૧૮/૦૮/૨૦૨૨ ના રોજ બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામની સીમમાં નાજાપુર જવાના કાચા રસ્તે અમુક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી.ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં જાહેરમાં જુગાર રમતાં કુલ **સાત ઇસમો**ને રોકડ રકમ અને જુગારના સાહિત્ય સાથે ઝડપી લઇ, પકડાયેલ તમામ ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી **બગસરા પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

➡ <u>જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-</u>

(૧) પ્રકાશ ગોબરભાઈ ડોબરીયા, ઉ.વ.૩૬, રહે.જુના વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી.

(૨) મુકેશભાઈ મધુભાઈ તળાવિયા, ઉ.વ.૪૩, રહે.જુના વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી.

(૩) પોપટભાઈ છગનભાઈ રાંક, ઉ.વ.૫૦, રહે.નવા વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી.

(૪) રોહીત ચતુરભાઈ બાબરીયા, ઉ.વ.૩૬, રહે.જુના વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી.

(૫) હરેશ મનસુખભાઈ બાબરીયા, ઉ.વ.૩૯, રહે.નવા વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી.

(૬) અશ્વિનભાઈ વશરામભાઈ તળાવીયા, ઉ.વ.૪૫, રહે.જુના વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી.

(૭) હીતેષભાઇ વિઠ્ઠલભાઈ ગોંડલીયા, ઉ.વ.૪૪, રહે.જુના વાઘણીયા, તા.બગસરા, જિ.અમરેલી.

➡ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

રોકડા રૂ.૫૫,૩૮૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨, કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૫૫,૩૮૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ – તા.૨૦/૦૮/૨૦૨૨**

**છેલ્લા ત્રણ દિવસમાં જુગાર રમતા ૩૯૪ જુગારીઓને પકડી પાડી, રોકડ રકમ, મોબાઇલ ફોન સહિત કુલ કિં. રૂ.૧૧,૦૨,૭૬૦/- નો મુદ્દામાલ જપ્ત કરતી અમરેલી જિલ્લા પોલીસ**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી જુગારની બદી દૂર કરવા જુગારના કેસો કરવા ભાવનગર રેન્જ હેઠળના જિલ્લાઓને સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ **જન્માષ્ટમી** તહેવાર દરમ્યાન જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડો કરવા અમરેલી જિલ્લા પોલીસને સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

જે અન્વયે છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અમરેલી જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં જુગાર રમતાં ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર રેઇડો કરી, જુગારીઓને પકડી પાડી, તેમની સામે જુગારધારા હેઠળ કડક અને ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

➡ **કરેલ કેસો અને પકડાયેલ જુગારીઓઃ-**

છેલ્લા ત્રણ દિવસ દરમ્યાન અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અમરેલી જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં વોચ ગોઠવી, જુગાર રમતા ઇસમો ઉપર સફળ રેઇડ કરી, જુગારધારા હેઠળ કુલ **૬૨** કેસો શોધી કાઢવામાં આવેલ છે અને આ રેઇડો દરમ્યાન કુલ **૩૯૪** જુગારીઓને જુગાર રમતાં પકડી પાડવામાં આવેલ છે.

➡ **જુગારના મુદ્દામાલની વિગતઃ-**

અમરેલી જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં જુગાર રમતા ઇસમો પાસેથી કુલ **રોકડા** **રૂ.૧૦,૫૨,૦૪૦/-** તથા મોબાઇલ ફોન નંગ – ૧૧, કિં.રૂ. ૫૦,૫૦૦/- તથા હાથબત્તી નંગ – ૩ કિં.રૂ.૨૨૦/- તથા જુગારના સાહિત્ય મળી કુલ **કિં.રૂ.૧૧,૦૨,૭૬૦/-** જુગારનો મુદ્દામાલ પકડી પાડવામાં આવેલ છે.

**આમ, અમરેલી** પોલીસ અધિક્ષક **સાહેબ** નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ અમરેલી જિલ્લામાં જુગાર રમતા જુગારીઓ સામે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા જુગારધારા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવેલ છે.